# કુપોષણ મુક્તિ માટેનું જન આંદોલન આખા દેશમાં ગુજરાતે ઉપાડ્યું : મુખ્યમંત્રી

## શામળાજી મંદિર પરિસર વિકાસ પ્રકલ્પના કામોનો શિલાન્યાસ-ભૂમિપૂજન

હિંમતનગર, તા. ૩૧

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ



મોદીએ આજે શામળાજી મંદિર પરિસરના વિકાસ કાર્યો અને યાત્રાળુ સુવિધા વિકાસના કામોનું ભૂમિપૂજન કરતા જણાવ્યું હતું કે શામળાજી તીર્થક્ષેત્રના મહિમાવંત વિકાસ સાથે દેવનીમોરીની બૌદ્ધ વિરાસતનો વિકાસ કરીને સમગ્ર શામળાજીની હેરિટેજ ટુરિઝમ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ઓળખ ઉભી કરાશે.

પ્રજાની આંખે પાટા બાંધનારાને ઓળખી લેવાનું આહવાન કરતાં મુખ્યમંત્રીશ્રીએ આ સરકારે પ્રજાની સેવા કરીને પ્રજાનો વિશ્વાસ જીત્યો છે એમ જણાવ્યું હતું. આ સરકારે આખા દેશમાં કોઈ સરકારે કર્યું ના હોય એમ ગરીબી રેખા નીચે જીવતા બધા જ બી.પી.એલ. કુટુંબોને મળીને ૧૬ લાખ આવાસો આપી પણ દીધા છે એમ તેમણે ઉમેર્યું હતું.

જિલ્લામાં કુપોષણ નિવારણ ઝુંબેશ અન્વયે ૧૧૦૦ આંગણવાડી દત્તક લેવાના સંકલ્પપત્રો તથા ગુટખા-વ્યસન ત્યાગના સંકલ્પપત્રો મુખ્યમંત્રીશ્રીને અર્પણ થયા હતા. તેમણે મિશન મંગલમ્ સખીમંડળોની બહેનોને આર્થિક પ્રવૃત્તિના સહાય ચેકો પણ એનાયત કર્યા હતા. શામળાજી મંદિરમાં ભગવાનના મૂગટ અને સ્વર્ણજડિત દરવાજા માટે સોનું ભેટ આપનારા દાતાશ્રીઓનું મુખ્યમંત્રીશ્રીએ સન્માન કર્યું હતું અને તલોદ તાલુકાના જવાનપુરા ગામને વ્યસનમૂક્ત કરવા માટે સરપંચશ્રીનું પણ સન્માન





મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું.

પ્રાચિન વિષ્ણુ મંદિરમાં ભક્તિભાવથી દર્શન કરી વિશાળ ભાવિક જનમેદનીનું અભિવાદન કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે સમગ્ર ગુજરાતના યાત્રાતીર્થોના વિકાસ અને યાત્રાળુ સુવિધાની સવલતોના કામો આ સરકારે સુઆયોજિત રીતે હાથ ધરેલાં છે. શામળાજી તીર્થક્ષેત્રનો પરિસર વિકાસ એવો થશે જે અંબાજી તીર્થક્ષેત્રના જેવી રોનક ઉભી કરશે. આદિવાસીના ઘરેઘરમાં સુખ-સમૃદ્ધિ આવે એવા નિર્ધાર સાથે પ્રવાસન ક્ષેત્ર દ્વારા રોજગારીની વિશાળ તકો ઉભી કરાશે એમ તેમણે જણાવ્યું હતું.

વચનોની લહાણી કરીને જનતાની આંખે છેતરપીંડીના પાટા બાંધવાના ખેલ અમારી સરકારના નથી અમે તો આદિવાસીઓના હક્કો એમના હાથમાં મૂક્યા છે એમ તેમણે જણાવ્યું હતું.

કુપોષણ મૂક્તિ અને ગુટખા મુક્તિના જનઆંદોલનોને વ્યાપક બનાવવા માટેનું આહવાન આપતા તેમણે જણાવ્યું કે ગુટખા છોડીને ગરીબના બાળકને દૂધ પીવડાવો તો વ્યસનમૂક્તિ સાથે કુપોષણ મુક્તિ પણ થશે.

મુખ્યમંત્રીશ્રીએ ગુટખા મુક્તિ સમર્થન માટે મોબાઈલ મીસકોલના સામૂહિક સંકલ્પ ણ લેવડાવ્યા હતા.

ગાંધીનગરની જનતાની તિજોરી ઉપર કોઈનો પંજો નહી પડવા દઉં એ તિજોરીના પ્રજાના નાણાંનો ચોકીયાત બનીને હું બેઠો છું એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરાએ વંચિતોના વિકાસની વાત કરતાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારે, અગાઉના સમય કરતાં બમણું બજેટ ફાળવી તેમનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં કામગીરી કરી છે.

શિક્ષણ રાજ્યમંત્રીશ્રી જયસિંહ ચૌહાણે પવિત્ર યાત્રાધામ શામળાજીના સર્વાંગી વિકાસ માટેરૂ. ૬૦ કરોડથી વધુ નાણાંની ફાળવણી પવિત્ર યાત્રાધામ સ્થળોમાં સર્વોચ્ચ



સ્થાને બિરાજશે તેવી આશા વ્યક્ત કરી હતી.

પવિત્ર યાત્રાધામ શામળાજીના ભૂમિપૂજન પ્રસંગે ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પટેલ, ધારાસભ્ય સર્વશ્રી દિલીપસિંહ પરમાર, ઉદેસિંહ ઝાલા, પૂર્વે ધારાસભ્યશ્રી રમીલાબેન બારા, જિલ્લા સાંસદશ્રી, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હેમલતાબેન પટેલ, કૌશલ્યા કુંવરબા, જિલ્લા ભાજપના અધ્યક્ષ જે.ડી. પટેલ , મહામંત્રી રણવીરસિંહ ડાભી, ભાજપના અગ્રણી રાજુભાઈ પંચાલ, નલીન પટેલ સહિત જિલ્લા તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, જિલ્લા પ્રભારી સચિવ શ્રીમતિ જયંતિ રવિ, જિલ્લા કલેકટરશ્રી જયપ્રકાશ શિવહરે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી રવિકુમાર અરોરા, જિલ્લા પોલીસ અધિક્ષક ચિરાગ કોરડીયા, પ્રાંત અધિકારી જે.ડી. પટેલ, મામલતદાર રીકેશ પટેલ સહિત અધિકારી ગણ અને કાળીયા ઠાકરના ભક્તો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## આજે ભાજપના રાષ્ટ્રીય નેતા અરૂણ જેટલી ગુજરાત આવે છે

અમદાવાદ, તા. ૩૧

ભાજપાના રાષ્ટ્રીય નેતા, રાજ્યસભાના વિપક્ષના નેતા તેમજ ગુજરાતના રાજ્યસભાના સાંસદશ્રી અરૂણ જેટલીજી ૧ સપ્ટેમ્બરના રોજ ગુજરાત આવશે. શ્રી અરૂણ જેટલીજી બપોરે ૨.૦૦ કલાકે વિમાન માર્ગે અમદાવાદ આવશે. એનેક્ષી, શાહીબાગ, અમદાવાદ ખાતે બપોરે ૪.૦૦ કલાકે પત્રકાર પરિષદને સંબોધશે.

શ્રી અરૂણ જેટલીજી સાંજે ૬.૦૦ કલાકે સ્વ. શ્રી કુશાભાઉ ઠાકરે હોલ, સી.ટી.એમ. ચાર રસ્તા, રામોલ રોડ ખાતે 'કોંગ્રેસનો કોલસાકાંડ' વિષયને લઈને યોજાયેલા જનજાગરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સંબોધન કરશે. મહાનગર ભાજપાના ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં ભાજપાના આગેવાનો, ધારાસભ્યો, કોર્પોરેટરો, બુદ્ધિજીવીઓ ઉપસ્થિત રહેશે તેમ ભાજપાના મીડીયા ઈન્ચાર્જ ડૉ. જગદીશ ભાવસારે એક યાદીમાં જણાવ્યું છે.

## પૂર્વ કેન્દ્રીય કાપડમંત્રી સ્વ. કાશીરામ રાણાને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૩૧

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂર્વ કેન્દ્રીય કપડા મંત્રી શ્રી કાશીરામ રાણાના અચાનક થયેલા દુ:ખદ અવસાન અંગે ઘેરા શોક અને ડા આઘાતની લાગણી વ્યકત કરી છે.

સ્વ. કાશીરામ રાણાની જાહેરજીવનમાં ચાર દાયકાની સક્રિય ભૂમિકા અને સામાન્ય પરિવારમાંથી આવીને પોતાના જીવન ઘડતર સાથે જ સમાજ માટે કંઈક કરી છૂટવાના અવિરત પ્રયાસોની સરાહના કરતાં શોકસંદેશમાં જણાવ્યું છે કે, તેમને શ્રી કાશીરામ રાણા સાથે વર્ષો સુધી એક મિત્ર તરીકે કાર્ય કરવાનું સૌભાગ્ય મળ્યું તે સદાય યાદગાર રહેશે. મુખ્યમંત્રીશ્રીએ સ્વ. કાશીરામ રાણાના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરતાં તેમના પરિવારજનોને આ દુ:ખ સહન કરવા પ્રભુ શકિત આપે તેમ પણ શોકસંતપ્ત પરિવારને સાંત્વના પાઠવતાં જણાવ્યું છે.

## માણસા કોંગ્રેસ દ્વારા ભાજપ પ્રદેશ પ્રમુખના પૂતળા દહનનો કાર્યક્રમ યોજાયો






(તસવીર : મયુરધ્વજસિંહ વાઘેલા)

માણસા, તા.૩૧

ભાજપ પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુ દ્વારા તાજેતરમાં આત્મહત્યા કરનારા ખેડૂતો વિરુધ્ધ કરેલા ઉચ્ચારણોના વિરોધમાં આજે માણસા કોંગ્રેસ સમિતિએ સૂત્રોચ્ચારો સાથે દેખાવો કરી ભાજપ પ્રદેશ પ્રમુખના પૂતળાનું દહન કરવાની કોશિશ કરતા પોલીસે તમામ કાર્યકરો સામે અટકાયતી પગલા લીધા હતાં.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાતમાં વરસાદના અભાવે દુષ્કાળની પરિસ્થિતિમાં રાજયના લાચાર બનેલા ખેડૂતો પાક નિષ્ફળ જવાની બીકે તથા દેવાના ડુંગર નીચે દબાશે તેવા ડરથી હાલના સમયમાં જીવી રહ્યા છે તો કેટલાક ખેડૂતો આત્મહત્યા કરી ચૂકયા છે. ત્યારે ભાજપ પ્રદેશ પ્રમુખ દ્વારા ખેડૂતોની આત્મહત્યા સંદર્ભે કરવામાં આવેલી વિવાદાસ્પદ ટિપ્પણીને લઈ ખેડૂત આલમમાં રોષ પ્રવર્તી રહ્યો છે

. જેથી ખેડૂત વિરોધી નિવેદનનો વિરોધ કરવા સામે આજે માણસા કોંગ્રેસ સમિતિ દ્વારા રેલી અને પુતળા દહનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં ધારાસભ્ય બાબુસિંહ ઠાકોર, યુથ કોંગ્રેસ પ્રમુખ અમિત ચૌધરી, વિજયભાઈ પટેલ સહિતના કાર્યકરો સાથે ઉપસ્થિત રહ્યા હતા અને ખેડૂત વિરોધી સરકારને હાંકી કાઢવા દેખાવો કર્યા હતા તેમજ અંતે જાહેરમાં આર.સી. ફળદુના પુતળાનું દહન કરવાની કોશિશ કરતા માણસા પોલીસે તમામ કાર્યકરો વિરુધ્ધ અટકાયતી પગલા લીધા હતાં.

## રંગપુર ગામે રૂ. ૧.૮૫ લાખનો ઘાસચારો શોર્ટ સર્કિટને કારણે બળીને ખાખ

માણસા, તા.૩૧

માણસા પાસેના રંગપુર ગામે ગતરોજ રાત્રિના સમયે એક ખેડૂતના ઘર પાસેના ઘાસચારાના ઢાળિયામાં શોર્ટ સર્કીટથી અચાનક આગ લાગતા ઘાસચારા સહિત સમગ્ર ઢાળિયું બળીને ખાખ થઈ ગયું હતું અને ખેડુત પરિવારને આશરે બે લાખ જેવું નુકશાન થવા પામ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર માણસા તાલુકાના રંગપુર ગામે રહેતા અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા પ્રહલાદસિંહ નાથુસિંહ ચાવડા પોતાના પશુઓ માટે ઘરના પાસે બનાવેલ મોટા ઢાળિયા જેવા ગોદામમાં ૩૫૦૦ પુળા ના પરાળ અને ઘાસચારો ભરેલો રાખ્યો હતો. જેમાં ગત રાત્રિએ શોર્ટ સર્કિટના કારણે અચાનક આગ ભભૂકી ઉઠી હતી અને જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. સુમસાન રાત્રિમાં કોઈને પણ આ આગની ખબર પડી ન હતી. સવારે પરિવારના સભ્યો ઉઠતા આ આગની ખબર પડતા તેઓએ તાત્કાલિક માણસા ફાયર બ્રિગેડ અને પોલીસને જાણ કરતા બંને ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડ આગ બુઝાવે ત્યાં સુધીમાં તો તમામ ઘાસચારો બળીને ખાખ થઈ ગયો હતો જેથી ખેડૂત પરિવારને આશરે ૧.૮૫ લાખનું નુકશાન થવા પામ્યું હતું. આ સમગ્ર ઘટનાને પગલે માણસા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ઉદયભાણસિંહજી રીજીયોનલ ઈસ્ટિટ્યૂટ ઓફ કો-ઓપરેટીવ મેનેજમેન્ટ,**

સેક્ટર-૩૦, ગાંધીનગર - ૩૮૨૦૩૦ (ગુજરાત)

**ટેન્ડર નોટીસ**

ઉપરોક્ત સંસ્થાને તેના પરીરસરની નિમ્ન રીનોવેશન કાર્ય માટે સરકાર માન્ય કોન્ટ્રાકટરો તથા રજીસ્ટર્ડ મજૂર સહકારી મંડળીઓ પાસેથી સીલબંધ ટેન્ડરો / બાવપત્રક મંગાવવામાં આવે છે.

| ક્રમાંક નંબર | કામની વિગત |
|---|---|
| ૧. | સંસ્થાની હોસ્ટેલ બ્લોકમાં (ભોંયતળિયે) ગ્રાઉન્ડ ફ્લોર પરના રૂમોમાં જૂની ટાઈલ્સ કાઢીને રોડા નાંખી લેવલીંગ કરી વિક્ટ્રીફાઈડ ટાઈલ્સ લગાવવાનો ભાવ. |
| ૨. | જૂની ટાઈલ્સ ખોલ્યા વગર તેના પર કેમીકલ્સથી વિટ્રીફાઈડ ટાઈલ્સ લગાવવાનો ભાવ. |

(૧) ઉપરોક્ત કાર્ય નંબર-૦૧ અને ૦૨ના અલગથી સ્પષ્ટ ભાવ આપવાના રહેશે. (૨) વિક્ટ્રીફાઈડ ટાઈલ્સ 2x2ની સાઈઝની રૂ. ૪૦-૦૦ પ્રતિ ચો. ફૂટની કિંમત સુધીની હોવી જોઈએ. જે એશીયન, વરમોરા, સફારી, સોમાણી તથા તેના સમકક્ષ કંપનીની હોવી જોઈએ. (૩) રસ ધરાવનાર પાર્ટીએ જાહેરાત પ્રસિદ્ધ થયે દિન-૭માં સિલબંધ કવરમાં ભાવપત્રક સંસ્થામાં પહોંચતા કરવાના રહેશે. (૪) હોસ્ટેલના ભોંયતળીયાના કુલ ૧૨ રૂમમાં ફ્લોરીંગ કાર્ય અંદાજીત ૧૫૬૦ Sqft. તથા સ્કર્ટીંગ કાર્ય અંદાજીત ૫૫૨ Rft. નું રહેશે. (૫) ભાવપત્રક મોકલાવતા પહેલા સંસ્થાના કાર્ય સ્થળની રૂબરૂ મુલાકાત લેવી. (૬) ભાવપત્રક સાથે ઉપયોગમાં આવનાર માલસામાનનું લિસ્ટ અને તેના સ્ટાન્ડર્ડ / બ્રાન્ડ નેઈમ સાથે વિસ્તૃત ઉલ્લેખ કરવાનો રહેશે. (૭) ઉપરોક્ત કાર્યમાં ફેરફાર કરવાનો કે કેન્સલ (રદ) કરવાને અબાધિત હક્ક સંસ્થાનો રહેશે. આ માહિતી ઈન્સટીટ્યૂટની વેબસાઈટ www.urimanage.org પર ઉપલબ્ધ છે. e-mail : uricm300@rediffmail.com





## પાલનપુરમાં મહિલા કોંગ્રેસ દ્વારા મુખ્યમંત્રી વિરુદ્ધ દેખાવો

પાલનપુરમાં આજે જિલ્લા પ્રમુખ કોંગ્રેસ બહાદુરસિંહ વાઘેલાની આગેવાની હેઠળ મહિલા અગ્રણી કૈલાષબેન ઠાકોર સહિત અગ્રણી કાર્યકરોએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કુપોષણ અંગે કરેલ ગુજરાતી મહિલાઓના ઉચ્ચારણ સામે ઉગ્ર દેખાવો કરાયા હતા. મુખ્યમંત્રીના પૂતળાદહનને પોલીસે નિષ્ફળ બનાવી મહિલા કાર્યકરો, અગ્રણીઓની અટકાયત કરી હતી. **(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)**

## આવતીકાલે બનાસકાંઠા ભાજપની કારોબારી બેઠક યોજાશે

ભારતીય જનતા પાર્ટી, બનાસકાંઠા જિલ્લાની કારોબારી બેઠક ૨ સપ્ટેમ્બર ૨૦૧૨ને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે સાગ્રોસણા ગામ, પાલનપુર ખાતે ડૉ. કે.એસ. મોગરાના પ્રમુખ સ્થાને યોજાશે. પાલનપુર તાલુકાના સાગ્રોસણા મુકામે મળનાર બેઠકમાં પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, મહામંત્રી શંકરભાઈ ચૌધરી, નૌકાબેન પ્રજાપતિ, જિલ્લા પ્રભારી અરજણભાઈ રબારી, ભરતભાઈ રાજગોર, મંત્રી ફકીરભાઈ વાઘેલા, મંત્રી પરબતભાઈ પટેલ, ઉપસ્થિત રહી દિશાસૂચન કરશે. આ બેઠકમાં જિલ્લાના પદાધિકારીઓ, સભ્યો, ધારાસભ્યો, પૂર્વ સાંસદો, મંડળના પ્રમુખ તથા આમંત્રિતોને સમયસર બેઠકમાં પધારવા જયેન્દ્ર જોષીએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન